

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*છસોનો કપ મળે, તો ય ચિદંબરને શું વાંધો છે?*
*'ફૂલપેજ'ની જા x ખ માં ય જાગૃતિબેનને શું વાંધો છે?*
*તારી પેઢી, જેલમાં જ મરે તો લાલુને શું વાંધો છે?*
*લગાડો તમામ કલમો માલ્યા-નિવરને શું વાંધો છે?*

### હાઈકુ

*લ્યો ! ખાયકીના*
*ખાય છે ઓડકાર -*
*ભરાયું પેટ!*
*(ભાગેડું માલ્યાઓ...)*

*અમારું કામ*
*અમે કર્યું ને તમે -*
*કરો તપાસ!*
*(તંત્રનાં ભવાઈ - નાટક)*

### ચિંતન

*અનિર્વેદઃ શ્રિયો મૂલમનિર્વેદઃ પરં સુખમ્ ।*

**ઉપરોક્ત શ્લોક રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**ઉત્સાહ એ લક્ષ્મીનું મૂળ છે, ઉત્સાહ શ્રેષ્ઠ સુખ છે.**

**વાલ્મિકી રામાયણના આ શ્લોકમાં ઉત્સાહ, પરિશ્રમ, સુ–રસતા, થનગનાટનું મહત્ત્વ કહ્યું છે.**

**માણસ આળસુ, એદી હોય તે પ્રમાદમાં પાર વિનાનું ગુમાવે છે. ઉત્સાહથી પ્રવૃત્ત રહેવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. લક્ષ્મી સર્વે સુખોની નદીનું મૂળ છે.**

### સુવિચાર

- કરોડિયાનો પ્રયત્ન, ઘોડાની સ્ફૂર્તિ, બગલાનું ધ્યાન, સિંહની ધગશ, કાગડાની ચતુરાઈ અભ્યાસ કરવા યોગ્ય છે - **જનકલ્યાણ**
- ફિતૂર હોતા હૈ હર ઉમ્ર મેં જુદા જુદા, ખિલૌને, માશુકા, રુતબા ઔર ફિર ખુદા - **જલન માતરી**
- ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમુહ - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ તો સિમ્પલ છે, ખાલી માણસાઈ જ કોમ્પ્લીકેટ છે - **હિરેન ભટ્ટ**
- શિખરો જયાં સર કરો ત્યાં કીર્તિસ્તંભ ખોડી શકો, પણ ગામને પાદર એક પાળિયો તમે એમને એણ ના ખોડી શકો - **ભીખુદાન ગઢવી**
- માથે બરફને મુખમાં બરફી તો... આખી દુનિયા તારા તરફી... - **ચિત્રલેખા**
- આજનું ઔષધ : ચહેરા પરના ડાઘ દૂર કરવા સાઈઠ દિવસ સુધી તલના તેલની માલીશ કરવાથી ડાઘા દૂર થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજા ભોજ સુર્યોદય થાય તે પહેલા માળાવામાં મુખ્ય માર્ગો પર રથ લઈને નગરચર્યા જોવા નીકળ્યા. રસ્તામાં એક તેજસ્વી બ્રાહ્મણ પર તેમની નજર પડી. રથ થોભાવા કહ્યું અને રાજા ભોજ રથમાંથી ઉતરી બ્રાહ્મણને પ્રમાણ કર્યા. રાજાને જોઈને બ્રાહ્મણે આંખો બંધ કરી દીધી. અને રાજાના અભિવાદનના જવાબમાં બ્રાહ્મણે આશીર્વાદ પણ આપ્યા નહીં. રાજાને આશ્ચર્ય થયું એટલે પૂછ્યું, 'આપે મારા પ્રમાણનો પ્રતિભાવ પણ ન આપ્યો, અને આશીર્વાદ પણ ન આપ્યા. અને વળી મને જોઈને આંખો પણ બંધ રી દીધી. આવા ઉપેક્ષિત વ્યવહારનું કારણ શું ?'

બ્રાહ્મણે જવાબ આપતા કહ્યું, 'મહારાજ, શાસ્ત્રોમાં કહ્યું છે કે સવારના સૂર્યોદય પહેલા જો કંજૂસ સામે આવી જાય તો આંખો બંધ કરી લેવી જોઈએ. તેનું મોં ન જોવું જોઈએ. તમે મોટા પ્રજા વત્સલ રાજા તો છો પણ દાન આપવામાં કંજુસાઈ કરો છો એવું લાગે છે, જે મેળવ્યું છે, એ ચૂકવવા માટે નહીં, જો કોઈને યશ મળે તો પણ તેનું મૂલ્ય ચૂકવવું પડે છે. એ રીતે મેં શાસ્ત્રોક્ત વચનનું પાલન કરીને સૂર્યોદય પહેલાં આપનું મોં જોયું ન હતું.'

શાસ્ત્રોના જાણકાર બ્રાહ્મણનો આવો નિર્ભિક જવાબ સાંભળી રાજાને ખ્યાલ આવ્યો નતમસ્તક પોતાની ખામીનો રાજા ભોજે સ્વીકાર કર્યો અને જરૂરિયાતમંદોને ઉદારથી છૂટા હાથે દાન આપવા નિયમ બનાવ્યો.

# પ્રદેશ કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તન

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત પ્રદેશશ કોંગ્રેસના નવા સુકાની તરીકે યુવાન ધારાસભ્ય અમિત ચાવડાની નિમણૂક ગુજરાતના જ્ઞાતિવાદી રાજકારણનો જ એક ઉત્કૃષ્ટ નમૂનો છે. ગુજરાતમાં પાટીદાર અને ક્ષત્રિય જ્ઞાતિના સંતુલન વગર કોઈ પણ રાજકીય પાર્ટી ચાલી શકે એમ નથી, એની પ્રતીતિ તો ચૂંટણી ટાણે થતી ઉમેદવારોની પસંદગીમાં પણ સ્પષ્ટ રીતે વરતાતી રહી છે. આ પ્રકારનું સંતુલન નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય નેતાએ પણ સતત જાળવવું પડ્યું છે. પોતે વેપારી સમાજના પ્રતિનિધિ હોવા ઉપરાંત 'બક્ષી પંચ' હેઠળ આવતી લેવાયેલ 'ઑબીસી' જ્ઞાતિઓનું જ પ્રતિનિધિત્વ કરતા હોવાનું તેઓ મોટા અવાજે જાહેર કરતા રહ્યા છે. કોંગ્રેસને જ્ઞાતિવાદી પાર્ટી કહેનારી ભારતીય જનતા પાર્ટી પોતે કોંગ્રેસની જ પરિપાટી પર જ્ઞાતિવાદી સમીકરણો માંડતી રહી છે. ઠાકોર ક્ષત્રિય જ્ઞાતિના સાવ અજાણ્યા આગેવાન નટુભાઈ ઠાકોરનો રાજયસભાના સદસ્ય બનાવવા કે ઠાકોર સમાજના કોર્પોરેટરનો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર બનાવવા તે પાર્ટીની ગણતરી પૂર્વકની રાજકીય વ્યૂહરચના જ હતી. કાનાજી ઠાકોર અમદાવાદના મેયર બન્યા તે અમદાવાદના ઈતિહાસની પણ સીમાચિહ્ન રૂપ ઘટના હતી. ઈંદિરા ગાંધીએ રતુભાઈ અદાણી જેવા કર્મઠ ગાંધીવાદી નેતાને હાંસિયે ધકેલી ક્ષત્રિય સમાજના માધવસિંહ સોલંકીનો ગુજરાતના મુખ્યમંત્રી અને મુખ્ય નેતા તરીકે સ્વીકાર્યા હતા. એથી હિતેન્દ્ર દેસાઈ જેવા વરિષ્ઠ કોંગ્રેસજનો નારાજ પણ થયા હતા. પરંતુ ચૂંટણી જીતવા જરૂરી એવા જ્ઞાતિ ગણિતને અવગણવાનું એમને પોસાય એમ ન હતું. આ જ્ઞાતિ ગણિતનાં મંડાણ ભાઈકાકા અને નટવરસિંહ સોલંકી જેવા વરિષ્ઠ સામાજિક આગેવાનોને કરેલા જોડાણથી સરજાયેલા પટેલના 'પ' અને ક્ષત્રિયના 'ક્ષ' વાળા સ્વતંત્ર પક્ષ પછી સવિશેષ દઢીભૂત બન્યા. ચરોતરમાં પરંપરાગત પાટીદાર સમાજના પ્રભાવ સામે પ્રખર ક્ષત્રિય અગ્રણી અને સાચા લોકનેતા ઈશ્વરભાઈ ખોડાભાી ચાવડાએ પડકાર ઊભો કર્યો જેના પડઘા દિલ્હી દરબાર સુધી પડ્યા. ઈશ્વરભાઈ ચાવડાએ ત્યારે સ્વપ્નેય નહીં કલ્પ્યુ હોય કે પોતે અજાણતાં જ એક સુદીર્ઘ પારિવારિક 'રાજવંશ'ની સ્થાપના કરી રહ્યા છે. એમની અવેજીમાં પેટા ચૂંટણી લડીને આવેલા માધવસિંહ સોલંકીએ ગુજરાતની ૧૮૨ પૈકીની ૧૪૯ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો જિતાડી જે વિક્રમ સ્થાપ્યો છે તે આજપર્યંત તૂટ્યો નથી. માધવસિંહ સોલંકીએ ટુકડે ટુકડે ચાર વાર મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા અને કેન્દ્રમાં પણ આયોજન તથા વિદેશ ખાતુ સંભાળ્યું હતું. એમની ખાલી પડેલી વિધાનસભાની બેઠક પર એમના સુપુત્ર ભરતસિંહ સોલંકી ચૂંટાતા રહ્યા અને ભરતસિંહ જયારે એમના નાના ઈશ્વરભાઈ ચાવડાની ખાલી બેઠક પર ચૂંટાઈને લોકસભામાં ગયા ત્યારે એ બેઠક પર ઈશ્વરભાઈ ચાવડાના જ પૌત્ર અમિત ચાવડા ધારાસભાની ચૂંટણી લડ્યા. આમ અમિત ચાવડાના કૌંસમાં તો ઈશ્વરભાઈ ચાવડા અને માધવસિંહ સોલંકીનો સમૃદ્ધ રાજકીય વારસો જ પડેલો છે. કોંગ્રેસ હાઈકમાંડને ભરતસિંહનો વિકલ્પ એમના જ પરિવારના યુવા નેતામાં દેખાયો છે. રાહુલ ગાંધી ભરતસિંહને નારાજ કરવાની હિંમત કરી શક્યા નથી. અલબત્ત, એનું કારણ પ્રતિકૂળ પરિસ્થિતિ અને સામા પૂરે તરવા જેવા વિકટ સંજોગોમાં પણ કોંગ્રેસ પ્રત્યેની આ ક્ષત્રિય પરિવારની અવ્યભિચારણી ભક્તિ અને શ્રદ્ધા છે. વળી આ પરિવારની પકડ ગુજરાતના સમગ્ર ક્ષત્રિય સમાજ પર છે. અમિત ચાવડા અત્યાર સુધીના પ્રદેશ કોંગ્રેસ પ્રમુખોમાં સૌથી નાની વયના પ્રમુખ છે. જો કે તેઓ ઈશ્વરભાઈ ચાવડાના પૌત્ર હોવા છતાં એમનામાં સવિશેષ તો માધવસિંહ સોલંકીની સૌમ્યતા છે અને તેથી સ્વાભાવિક રીતે જ તેઓ પાટીદાર સમાજમાંથી આવતા વિરોક્ષ પક્ષના નેતા પરેશ ધાનાણી સાથે સારી જોડી બનાવી કોંગ્રેસને અપેક્ષિત ઊંચાઈએ પહોંચાડી શકશે એવી આગાહી કરવામાં જોખમ નથી.

# હૃદયમાં રામ અને પથ્થર ઉપર રામ!



**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**

અમર વારસો

શ્રીરામનો અયોધ્યામાં રાજયાભિષેક થઈ ગયો પછી હનુમાન પોતાને પ્રિય ઋષ્યમુક પર્વત ઉપર આવી ગયા. એનાં હૃદતયમાં તો રામનું સ્થાન હોય જ. એને પોતાના હૃદયનાથનું ચરિત્ર લખવાનું મન થયું. પર્વતની શિલાઓ ઉપર પોતાના નખની અણીથી લખતા ગયા. પથ્થરો ઉપર એમણે રામનું ચરિત્ર નાટકનાં સ્વરુપમાં લખ્યું. હવે એમણે મહર્ષિ વાલ્મિકીને આદર સાથે નિમંત્ર્યા. વાલ્મિકીને એ ગુરુ તરીકે માનતા. એમમે આ પથ્થરોમાં કોતરાયેલું નાટક વાંચ્યું. એમણે પ્રસન્ન થઈને કહ્યું, 'વત્સ! તારું આ નાટક તો રામાયણ કરતા પણ વધુ યશસ્વી થશે.' આ સાંભળીને હનુમાને નિર્ણય કર્યો. આ બધી શિલાઓને સમુદ્રમાંથી પધરાવી દીધી.

ઈ. ૧૧મી સદીના પ્રારંભે માળવામાં પરમારવંશી ભોજરાજ હતા. તેઓ હનુમાનના અવતાર હતા. એમને આ ઘટનાનો ખ્યાલ હતો. એમણે પોતાના ડૂબકીખોર મરજીવાઓને સમુદ્રમાં ઉતાર્યા. તેઓએ આ બધી જ શિલાઓ શોધી નાખી અને ભોજરાજને સોંપી દીધી.

ભોજરાજની સભામાં મિથિલાથી આવીને સ્થાયી થયેલા કવિ દામોદર મિશ્ર હતા. રાજાએ આ શિલાઓ એમને સોંપી. રાજાના આદેશ મુજબ, દામોદર મિશ્રએ શિલાઓ ઉકેલી અને આ નાટકો હસ્તપ્રત સ્વરુપમાં મૂક્યું અને રાજાને સોંપી દીધું. આ નાટક 'હનુમાન્નાટક' તરીકે પ્રસિદ્ધ થયું.

આ રચના પોતાને 'મહાનાટક' તરીકે ઓળખાવે છે; તે યોગ્ય છે. આનિ સમાપ્તિમાં લખ્યું છે - પવનતન વિરચિત મિશ્ર દામોદર સંગૃહિત, ભાષા સંકલન છે. ૧૪ અંકો છે. અંકોને શીર્ષક આપ્યા છે. જેમ કે પહેલાં અંકને 'જાનકી સ્વયંવર', ચૌદમાને 'શ્રીરામ વિજય' આ રીતે આમાં સ્વયંવરથી શરુ કરીને રાજ્યાભિષેક સુધીની કથા છે. આમાં ૩૦ થી વધુ પાત્રો છે. ખરા અર્થમાં 'મહાનાયક' છે. આને 'પદ્યનાટક' પણ કહી શકાય. આના ૨/૩ ભાગ પદ્માં છે. આમાં ૫૭૯ શ્લોકો છે. વાલ્મિકીની રામકથા કરતા 'હનુમાન્નાટક'માં ભિન્નતા છે.

(૧) રામ - ભરત - લક્ષણમ - શત્રુઘ્ન; ચારેય ભગવાન વિષ્ણુના અંશાવતારો છે.

(૨) રામના વનગમન સમયે ભરત અયોધ્યામાં જ હતા. એને વનમાં સાથે આવવું હતું પરંતુ રામે એને અટકાવ્યો.

(૩) સુવર્ણમૃગ લેવા રામ અને લક્ષ્મણ સાથે ગયા. જતા પણે લક્ષ્મણે ધનુષ્યની અણીથી રેખા દોરી. રાવણ ભૂમિ પરની આ રેખાથી આગળ ન વધી શક્યો. પરંતુ સીતા આ સન્યાસીને ભીક્ષા દેવા રેખાથી આગળ વધી. (૪) રાવણઈ સીતાને લઈને જતો રહ્યો. નીચે પર્વતના શિખર પર હનુમાન ઊભા હતા. સીતાએ પોતાના આભૂષણો એની તરફ ફેંક્યા અને કહ્યું, - 'મારા દિયર સાથે રામ અહીં આવશે, ત્યાં એને આપી દેશો.'

(૫) મરણ પામી રહેલા જટાયુએ રામને કહ્યું, 'ચૈત્ર સુદ આઠમે બપોરના સમયે રાવણ સીતાને લઈ જઈ રહ્યો હતો.'

(૬) વાલીનો વધ થયો, એ વખતે આંખમાં અશ્રુ સાથે રામે પશ્ચાતાપ પ્રગટ કર્યો.

(૭) મંદોદરીએ રાવણને કહ્યું - 'સીતાને સોંપી દો.' પછી એને અશોકવાટિયામાં લઈ ગઈ. સીતાને બતાવીને કહ્યું - 'આનામાં અને મારામાં શો તફાવત છે ?'

(૮) સંજીવની માટે દ્રુહિણ પર્વતને લઈને હનુમાન પાછા ફરતા હતા. અયોધ્યા ઉપરથી પસાર થયા. ત્યારે અજાણયા, ભરતનાં બાણથી મૂર્છિત થયા. કુલગુરુ વસિષ્ઠે એમને જાગૃત કર્યા. ભરતને વાકેફ કર્યો. ભરતે એક જ બાણથી હનુમાન અને પર્વતને રામ પાસે પહોંચાડી દીધા.

(૯) રામનો અભિષેક થયો. અંગદને હજુ નારાજગી હતી. રામે એના પિતા વાલી માટે એની ક્ષમા માગી. ત્યારે આકાશવાણી થઈ - 'આનો કૃષ્ણાવતાર હશે, ત્યારે તું શિકારી હોઈશ અને બાણથી એને મારીશ.'

'હનુમન્નાટક'ના કર્તાને અને એના કથાનાયકને આદરપૂર્વકની પ્રણામાંજલિ.

# પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવની શરુઆત કયા દેશમાં થઈ હતી?

## વિશ્વનો ઈતિહાસ

૧ અમરિકામાં સંસ્થાનવાદનો પ્રારંભ કયા અંગ્રેજ રાજાના કાળમાં થયો હતો ?
(અ) જેમ્સ પ્રથમ (બ) જેમ્સ દ્વિતિય
(ક) જહોન વિકલીફ (ડ) જેમ્સ વિલીયમ

૨ આધુનિક વિશ્વના પ્રથમ રાજનૈતિક ચિંતક મેક્યિાવલી કયા દેશના વતની હતા ?
(અ) જર્મની (બ) ઈટાલી
(ક) પોર્ટુગલ (ડ) સ્વિત્ઝર્લેન્ડ

૩ 'ધ લાસ્ટ સપર' અને 'મોનાલીસા' ચિત્રોના સર્જક કોણ હતા ?
(અ) માઈકલ એન્જેલો (બ) માર્ટિન લ્યૂથરકિંગ
(ક) લિયોનાર્ડો - દ - વીંચી (ડ) રાફેલ

૪ કયા નેતાએ ગુલામી પ્રથાની નાબૂદી કરી હતી ?
(અ) અબ્રાહ્મ લિંકને (બ) વોલ્તેર
(ક) રૂસોએ (ડ) મોન્તેસ્ક

૫ 'મેડોના' ચિત્રના સર્જક કોણ હતા ?
(અ) માઈકલ એન્જેલો (બ) રાફેલ
(ક) મેક્યિવલી (ડ) લિયોનાર્દો - દ - વીંચી

૬ રેડ ઈન્ડિયન કયા દેશના મૂળ નિવાસી હતા?
(અ) ભારત (બ) ઓસ્ટ્રેલિયા
(ક) બ્રિટન (ડ) અમેરિકા

૭ ૧૮૮૫માં 'વોટર લૂ'ના યુદ્ધમાં કોની હાર થઈ હતી ?
(અ) વોલ્તેર (બ) બિસ્માર્ક
(ક) નેપોલિયન (ડ) જોસેફ મેઝિની

૮ ૧૬૪૯ માં ઈંગ્લેન્ડના કયા રાજાને ફાંસી આપવામાં આવી હતી ?
(અ) ચાર્લ્સ પ્રથમ (બ) ચાર્લ્સ દ્વિતિય
(ક) જેમ્સ દ્વિતિય (ડ) ઓલિવર ક્રોમવેલ

૯ જર્મનીએ વર્સેલસની સંધિનો ભંગ કયારે કર્યો ?
(અ) ૧૯૩૦ (બ) ૧૯૩૨
(ક) ૧૯૩૫ (ડ) ૧૯૩૭

૧૦ અમેરિકાએ જાપાનના હીરોસીમા અને નાગાસાકી પર 'ફેટમેન' અને બીજે કયો અણુબોમ્બ ફેંક્યો હતો ?
(અ) બીગ બોય (બ) બીગ બોસ
(ક) લિટલ બોય (ડ) લિટલ માસ્ટર

૧૧ શેખ મુજીબુર રહેમાન કયા દેશના રાષ્ટ્રપિતા છે ?
(અ) પાકિસ્તાન (બ) ઈન્ડોનેશિયા
(ક) અફઘાનિસ્તાન (ડ) બાંગ્લાદેશ

૧૨ પ્રાચીન ઓલિમ્પિક રમતોત્સવની શરુઆત કયા દેશમાં થઈ હતી ?
(અ) રોમ (બ) ગ્રીસ
(ક) જર્મની (ડ) ઈટાલી

૧૩ દુનિયાની અજાયબી ગણાતી ચીનની દિવાલ કોણે બંધાવી હતી ?
(અ) જિનપિંગ (બ) શી - વાંગ - ટી
(ક) હમ્બુરાબી (ડ) હો - વાંગ - ટી

૧૪ એરિસ્ટોટલે, પ્લેટો અને સોંક્રેટિસ કયા દેશ સાથે સંકળાયેલ છે ?
(અ) પોર્ટુગલ (બ) જર્મની
(ક) ઈટાલી (ડ) ગ્રીસ

૧૫ 'ઈનિડ' મહાકાવ્યના કવિ કોણ છે ?
(અ) વર્જિલ (બ) દાન્તે
(ક) સોક્રેટિસ (ડ) જહોન મિલ્ટન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૩૦ માર્ચ ૧૮૫૬ : સ્વામી શ્રદ્ધાનંદ :** ધર્મ દ્વારા રાષ્ટ્રભાવનાની જયોત જગાવનાર. ખત્રી પરિવારમાં જન્મ. બાળપણનું નામ મુનશીરામ હતું. વકીલની પરીક્ષા પાસ કરી નાયબ તહીસલદારની નોકરી શરૂ કરી. સ્વમાન ન જળવાતા નોકરી છોડી હરિદ્વારમાં ગુરુકુળની સ્થાપના કરી. સન્યાસ લઈ શ્રદ્ધાંનંદ નામ ધારણ કરી ગાંધીજીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા. ૧૯૨૬માં તેમની હત્યા થઈ.
- **૧ એપ્રિલ ૧૯૪૯ : ડો. કિશોરસિંહ સોલંકી :** બનાસકાંઠાના મગરવાડા ગામમાં જન્મ. ગુજરાતી સાહિત્યના કવિ, નવલકથાકાર, નિબંધ અને ટૂંકી વાર્તાના સર્જક. 'વીરવાડા' અને 'અરવલ્લી' તેમી નોંધપાત્ર નવલકથાઓ છે.
- **૨ એપ્રિલ ૧૭૮૧ : સહજાનંદ સ્વામી :** સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક. અયોધ્યા પાસેના છપૈયા ગામે જન્મ. ૧૧ વર્ષની વયે ગૃહત્યાગ કર્યો. હિમાલયની યાત્રાએ નીકળી પડ્યા. નીલકંઠ બ્રહ્મચારી તરીકે ઓળખાયા. રામાનંદ સ્વામીએ ઉદ્વવ સંપ્રદાયની દીક્ષા આપી. અને સંપ્રદાયની ધુરા સંભાળી ત્યારથી નીલકંઠ વર્ણીનું નામ સહજાનંદ પડ્યું.
- **૩ એપ્રિલ ૧૯૧૪ : જનરલ માણેક શા :** ભારતીય દળના - જામનગરના રાજેન્દ્રસિંહજી પછીના બીજા ગુજરાતી સેનાધિપતિ. અમૃતસરમાં તેનો જન્મ હતા. સૈનિકોમાં નવચેતનાનો સંચાર કરનાર. ભારતીય સૈન્યને ઉચ્ચ કોચીના દરજ્જા સુધી લઈ જનાર જનરલ માણેક શા નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.
- **૪ માર્ચ ૧૯૪૪ : મનોહર ત્રિવેદી :** જાણીતા કવિ, ભાવનગર જિલ્લાના સૂરનિવાસી ગામમાં જન્મ. ઢસા જંકશનની હાઈસ્કૂલમાં સેવા આપી. શિક્ષક તરીકે નિવૃત્ત થયા. 'મોં સૂઝણું', 'છુટ્ટી મુકી વીજ' અને 'મિતવા' જેવા કાવ્ય સંગ્રહો આપ્યા. બાળ સાહિત્યમાં ઉત્તમ પ્રદાન. 'ગજવામાં ગામ' અને 'નાતો' વાર્તા સંગ્રહો આપ્યા. તેમા યોગદાનને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા છે.
- **૫ એપ્રિલ ૧૮૭૧ : દીન બંધુ એન્ડ્રુઝ :** સાધુચરિત માનવ સેવક ચાર્લ્સ ફીઅર એન્ડ્રુઝનો જન્મ ઈંગ્લેન્ડમાં થયો હતો. પ્રેમ, પરિશ્રમ, ભક્તિ, પરાક્રમ તેમના ગુણો હતા. 'ધ મધરલેન્ડ' નામનો કાવ્ય સંગ્રહ ભેટ આપ્યો. સ્ત્રી કલ્યાણ માટેના કાર્યો કર્યા. ભારતપ્રેમી અને કરુણાના સાગર એવા 'દીનબંધુ' એન્ડ્રુઝનો ૫.૪.૧૯૪૦માં અવસાન પામ્યા.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**બ્લેક હોલ થિયરીના જનક એવા કયા વૈજ્ઞાનિકનું તાજેતરમાં અવસાન થયું છે ?**

**જવાબ : સ્ટીફન હોકીન્સ**



**ખજાનો**
**અનિલ પટેલ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬બી
(૩) જયેન્દ્રપ્રસાદ પાઠક - સે-૬
(૪) પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) નટુભાઈ દરજી : પેથાપુર
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૭) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસી., ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**હાલના કર્ણાટક સરકારના મુખ્યમંત્રી કોણ છે**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ભગવાનની મરજી ચાલે છે...!

સ્વર્ગમાં બેઠા બેઠા બહુ વખતથી ભગવાનને એક વિચાર સતાવતો હતો. કયાંક દુનિયાના લોકો મને ભૂલી તો નથી ગયા ને ? વાતે વાતે માનું નામ લઈને રડી પડતાં કે હરખાઈને મારા નામને વટાવી ખાતા લોકો જયાં કયાં જતા રહ્યા ? આજકાલ તો ગણ્યા ગાંઠ્યા લોકો જ મને યાદ કરે છે ! જરા જોઉં તો ખરાં આખિર માજરા કયા હૈ ? ભગવાને તો ભંડકિયામાં બહુ વખતથી પડી રહેલું તે ભુલાવાની અણી પર આવી ચૂકેલું મહાશક્તિશાળી દૂરબીન કાઢ્યું ને ફેરવ્યું પૃથ્વી તરફ. ભગવાન પણ અચંબામાં પડી જાય એવા દશ્યોથી પૃથ્વીવાસીઓ તો હવે ખાસ્સા ટેવાઈ ગયેલાં. દૂરબીનમાં સૌથી પહેલાં ઝડપાયું એક મેટર્નિટી હોમ. એક સગર્ભા સ્ત્રી એના પતિ અને સાસુ સાથે ડૉકટરની રાહ જોતી બેઠેલી. એમની વાતો પર ભગવાને કાન માંડ્યા.

'મેં સોનોગ્રાફીમાં દીકરો આવે તો હા નહીં તો ના સમજી ?' સાસુને પતિનો એક જ દમદાર અવાજ નીકળ્યો.' પણ મમ્મી, તમે તો કહેતા'તા ને કે જે આવે તે ભગવાનની મરજી ને હવે ?'

'અરે, ભગવાનની મરજી - બરજી કઈ નહીં. મમ્મી કહે તે ફાઈનલ. મારી પણ એ જ મરજી સમજી લેજે.' સ્ત્રીએ તો આને પણ ભગવાનની મરજી ગણવી પડે ને?

આ હા ને નાનું ચક્કર ભગવાન મગજમાં ઉતારતાં થોડી વાર લાગી પણ જેવું ઉતર્યું કે, ભગવાનનું દૂરબીન ધ્રૂજી ગયું. આ લોકો એ તો જનમ આખાનો મારો હક પણ છીનવી લીધો? મારો બનાવેલો મુજને બનાવવા માંડ્યો ? અરેરે ! મારું ગાડું કેમ ચાલશે ? હવે પછી મને કોણ ગણશે ? ભગવાનથી તો હે ભગવા... ન પણ ન બોલાય ! ભગવાન નર્વસ થઈ ગયા. એમણે તો દૂરબીન, 'અમે બે ને અમારું એક' માં માનતા સુખી પરિવાર પર ગોઠવ્યું. અહીં તો ભગવાને પણ કાન માંડવા જ પડે.

'આપણા સ્વીટુને આ વરસે પ્લે સ્કૂલમાં મૂકી દઈશું.'

'ના, ના આ વરસે નહીં. આવતે વરસે, હજી તો દોઢ વરસનો જ થયો.' મમ્મીનું દિલ જરા નરમ ખરું ને ?

'એ દોઢ ને બે કંઈ નહીં, હું કહુ છું એટલે મૂકવો બસ.'

'ભલે જેવી હરિઈચ્છા' મમ્મીએ નિઃસાસો નાખ્યો.

'હરિ ઈચ્છા નહી મારી ઈચ્છા કહે.' સ્વીટુ બધું જવા દે મારી ઈચ્છા છે એટલે હું કહું તેમ જ કરવાનું.'

'ભલે ભાઈ, જેવી તમારી મરજી.'



**રંગ-ઉમંગ**
**કાનન ઓઝા**

પછી તો દુઃખી થયેલા ભગવાનનું દૂરબીન ઝડપથી પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માંડ્યું. જયાં ને ત્યાં હવે બીજાની મરજી ચાલતી હતી. ભગવાનની મરજી નામશેષ થવાની અણી પર આવી. જવાની કે શું... કોઈ પણ ઘરમાં સાદી સીધી રસોઈ બનાવવી છે માંડીને શાની ખરીદી કરવી, કે આજે શું કરવું ને કાલે શું કરવું તેની પણ ચર્ચાઓ થતી ને એમાં ઘરમાં સૌ મારી મરજી, તમારી મરજી, બધાની મરજી .. ને કોઈ નથી પૂછતું, એકબીજાની મરજી સાચવતા બધા એકબીજાની ફરતે ગોળગોળ ફર્યા કરે. જયાં સંયકુત કુટુંબ હોય ત્યાં, 'સાસુને પૂછવું પડશે ને સસરાને પૂછવું પડશે.' ચાલતું હોય. ઘણી જગ્યાએ તો વહુ ને પૂછવું પડશે.' પણ ચાલતું દેખાયું.

ભગવાનને એક વાતની ખાસ્સી નવાઈ લાગી. ભણવાનું બાળકે પણ કઈ લાઈન લેવાની કે કઈ કોલેજમાં જવાનું તે નક્કી પિતાએ કરવાનું ને જોઈતી જગ્યાએ જો એડમિશન ન મળ્યું તો જ ભગવાનને યાદ કરાય બાકી તો ઠીક છે બધું. બાળકનું ભણવાનું સારી રીતે પત્યુ તો ભગવાનની મહેરબાની ને ન પત્યુ તો ભગવાનની મરજી. જો કે, એમાંય એકબીજા પર દોષારોપણ તો ચાલતું જ હોય કે, 'તારી મરજી હતી બાકી મારી તો જરાય મરજી નહોતી.' ભગવાને એક વાત જોઈ લીધી ને બરાબર સમજી લીધી કે જયાં સુધી માણસના હાથમાં બધું છે. ત્યાં સુધી બધામાં એની મરજી ચાલે છે ને જયાં દ્રાક્ષ ખાટી નીકળે, ત્યાં ભગવાન તો છે જ.'

ભગવાનને તો દૂરબીનમાંથી પૃથ્વી પર બધું જોવાની ધીરે ધીરે મજા આવવા માંડી. કહેવું પડે બાકી, બધા સ્વાર્થી ને લૂચ્ચા થઈ ગયા છે. મેં આ લોકોને આવા તો નહોતા મોકલ્યા... હશે, ચાલો જોઈએ પેલા છોકરાને જે પરણવા તૈયાર થયો છે. છોકરાને ગમી ગઈ છે એક છોકરી પણ માને દેખઆવે નથી ગમતી ને પિતાને સ્ટેટસ જરા... હં, સમજી ગયા ને ?

છોકરો કહે, 'હું મારી મરજી થાય તેની સાથે પરણીશ.'

મા કહે, છોકરી તો મારી મરજીની જ આવશે.

ભગવાનને દૂરબીન ફરતું ફરતું એક હીરોઈનને જોવા અટકી ગયું અને લાંબી, પાતળી, છોકરી કંઈ મારી મરજી મારી મરજી... નું ગીત ગાયા કરતી રહી છે ? ને શાની મરજીની વાત કરે છે. જેના પર બધાંની નજર ખોડાઈ ન પછી વાંકી થઈ ગઈ ? ભગવાને મૂછમાં હસતાં કહ્યું, મારી મરજી પણ નથી ચાલતી તો તારી મરજીની તો કયાં વાત ? શાંત થા ને પરસ્પર એકબીજાની મરજી સાચવી ને બધા જીવો.' ભગવાને સમજીને દૂરબીન લીલી સમેટી લીધી.